# 'બટા, વાટ કાપ્ય'

–શરીફા વીજળીવાળા

*(આ વાર્તાઓ તળ કાઠીયાવાડનાં લગભગ બધાં ગામડાંઓમાં કહેવાતી. મેં આ બધી વાર્તાઓ નાનપણમાં મારી બા પાસેથી સાંભળેલી. આપણે આ વાર્તાઓને શ્લીલ–અશ્લીલનાં લેબલ મારીએ કે કવીન્યાય, તાર્કીકતાની તપાસ કરીએ. પણ સૌરાષ્ટ્રમાં હજી આજેય મેં વડીલોને, એયને ટેસથી આ વાર્તાઓ કહેતા જોયા–સાંભળ્યા છે અને ચમકતે ચહેરે, ઉંચી ડોકે, પહોળી આંખ કરી, સાંભળતાં ટાબરીયાંવને ખડખડાટ હસતાંયે જોયાં છે. **'બાની વાતું'** પુસ્તક રુપે વાર્તાઓ સંપાદીત કરી તે પછી વળી મારી બાને આ વાર્તાઓ યાદ આવી. આમ પણ આ લોકમુખે કહેવાતી વાર્તાઓમાં બધાંને જે હદે રસ પડ્યો એનાથી મને સાનંદાશ્ચર્ય જ થયેલું ને એટલે જ આ બીજી થોડી વાર્તાઓ નોંધવાની હીમ્મત કરી છે.–શરીફા)*

♦●♦

એક હતા પટેલ. પટેલ પાંહે પાર વગર્યના પૈસા. પટલાણી તો બોવ વેલાં સર્ગે સીધાવી ગ્યાં'તાં. પટેલને બસારાને એક જ સોકરો. પણ ભાય, સોકરામાં કાંઈ સક્કરવાર નો મળે. અક્કલનો સાંટો જરાક ઓસો. તે પટેલને રાત્ય ને દી એક જ ફીકર ખાય જાય... મારા મર્યા કેડ્યે આ અક્કલમઠાનું હું થાશે ? પૈસા હાટુ થયને હગાંવાલાં કાં તો એને જીવવા નઈ દ્યે. ને જીવવા દેશે તોય એને રાન રાન ને પાન પાન કરી મેલશે. ભગવાનની દયાથી આ ગાંડાહાજાને જો ડાય વઉ મળી જાય તો મારી વાંહે મારું ઘર હસવાય જાય... પણ એમ કાંય કોય ડાયું સે એવું એના મોઢા માથે થોડું સાપ્યું હોય ? પટેલે તો ભાય, ધામેધુમે દીકરાને પૈણાવ્યો. પશી હવારના પોરમાં પટેલે તો ભાય, ડેલામાં ભર્યો ડાયરો... એયને કહુંબાપાણી ઘોળાણાં ને 'મારા ગળાના હમ... લેવું જ પડે' કેતા કેતા મંડ્યા પીવાવા. પટેલે તો ભાય, ડેલામાં શારપાંસ મશક્યું ભરીને પાણી રેડાવ્યું ને પશી ડેલેથી ઘરમાં વઉને કેવડાવ્યું કે ભાર્યેમાં ભાર્યે લુગડાં પેરીને એક હેલ પાણી ભરીયાવો.

બાય તો ભાય, ભાર્યેમાં ભાર્યે લુગડાંની જોડ્ય પેરીને, કાંખમાં હેલ્ય લઈને બારી નીહરી... પણ ડેલામાં તો કાદવનું રાબડું કસકસે... બાય તો ભર્યા ડાયરા વસાળે લુગડાં ઉંચાં લેતીકને હાલી ગઈ ધમ...ધમ કરતીકને... પટેલે તો ભાય, ડાયરો વીખેરી નાખ્યો. ઘડીકવાર પશી દીકરાને બોલાવીને પટેલ કયે, 'ભાઈ, ગાડું જોડો, આપડા વડલાવાળા ખેતરે જાવું સે.' ભાય, સોકરે તો હડી કાઢતાંક ગાડું જોડ્યું, વઉને બેહાડીને ત્રણેય જણાં હાલ્યાં ખેતરે. જરાક આઘેરાક ગયાં ને પટેલે દીકરાને કયું, 'ભાય, વાટ કાપો.' ને ભાય, સોકરો તો ઠેકડો મારતોકને હેઠે ઉતર્યો. કોદાળી લઈને મંડ્યો ઝાંખરાં ઉખેડવા, કુવાડીથી મંડ્યો જાળાં કાપવા. તરત જ બાપે એને રોક્યો. 'બસ બટા, હવે હાલો ઘર્યે પાસા !' સોકરો તો આમેય ભોપા જેવો હતો ! તે એણે પુશ્યું 'કા બાપા, આપડે ખેતરે નથી જાવું ?' બાપાએ

ના પાડી. ઘરે આવીને સોકરો ગાડું સોડવા મંડ્યો; પણ બાપે આને વાર્યો. ‘રેવા દે બટા, વઉ ભલે માલીપા બેઠાં. બળદ્યાને જરાક બે ડસકારી મારીને વઉને પીયર મેલ્યાવો...’ દીકરો તો આમેય કોઈ દી પોતાની અક્કલ વાપરતાં શીખ્યો જ નો’તો. તે પટ લેતાંકને વઉને મેલ્યાવ્યો એને પીર. બે–તૈંણ મઈના કેડ્યે પટેલે તો પાસો સોકરાને પૈણાવ્યો. નવી વઉને પણ પેલાની જેમ જ પાણી ભરવાનું કીધું. ઈવડી ઈય તે લુગડાં ઉસાં લયને ભર્યા ડાયરા વસાળેથી વય ગય... ને પટેલે બીજીનેય બાપને ન્યાં વળાવી. વળી બે–તૈંણ મઈના ગ્યા ને પટેલે ત્રીજી સોકરી ગોતી. વળી સોકરાને ઘોડે સડાવ્યો. જાન વાજતે ગાજતે ઘર્યે આવી. વર–કન્યા પોંખાયાં... રાત પડી... અટાણ હુધીમાં વઉ મનમાં હમજી ગઈ’તી કે માટીમાં કાંય ઝાઝું પાણી લાગતું નથી. બાઈ વીશારે કે તો પસી આ બબ્બે બાયુંને રાત્યોરાત્ય પાશી મેલ્યવાનો ભેદ હું ? બાયે તો જેવો ધણી ઓયડે આવ્યો ઈ ભેળો એને હંહીને બોલાવ્યો, પાંહે બેહાડી વાતુંએ સડાવ્યો ને પશી હળવેકના પુશી લીધું કે, ‘તમારા બાપાએ આગલી બે બાયુંને રાખી કાં નંઈ ?’ ભોપાભાઈ ભોળાભટ્ટાક મોઢે કયે કે, ‘ઈ તો મનેય નથી ખબર્ય..’ બાય કયે, ‘ઈ તો જાણે ઠીક; પણ મને ઈ તો કયો કે બાપા હવારમાં કરે હું ?’ ધણી કયે, ‘કાંય નો કરે. ઈ તો એયને ડાયરો ભરશે ને તને પાણી ભરવાનું કેશે. પશી મને ગાડું જોડવા કેશે. અડધે રસ્તે કેશે, ‘બટા, વાટ કાપ્ય.’ તે હજી તો હું બે–તૈંણ ઝૈડાં કાપું નો કાપું ન્યાં તો ગાડું પાસું વળાવે ને વઉને એને પીર પાશી મેલ્યાવાનું કયે !’ બાય હતી ડાઈ માની દીકરી, ખરી કોઠાડાય. ઈ હમજી ગઈ કે હાહરા આવો દાખડો શેના માટે કરે સે. એણ્યે ધણીને ફોહલાવીને કીધું, ‘જો હવે આતા તમને વાટ કાપવાનું કયે, અટલે તરત તમારે અલકમલકની વાતું માંડવાની. ‘આતા, ઓણ તો શીંગ મબલખ પાકશે. મગેય હારા થ્યા સે. વણનાં કાલાંય ફાટફાટ થાય સે... આતા, ઓણના વરહે ભાવેય ઉંસા સે. હારા ભાવ આવે તો વાંહ્યલું ભડું પાકું કરાવી લેશું...’ એમ આતા થાકે નય ન્યાં લગણ તમારે તડાકા ઝીંક્યે જાવાના.’ ધણી તો ભાય, ડોકું હલાવીને કયે કે, ‘ઠીક, તું કેસ એવું કરીશ.’

પટેલે તો ભાય, હવારના પોરમાં કહુંબાપાણી હાટું ડાયરો ભર્યો. ને ડેલામાં કરી પાણીની રેલમશેલમ... ને પશી વઉને કેવડાવ્યું કે ભાર્યે માંયલાં લુગડાં પેરીને પાણીની એક હેલ ભરીયાવો. વઉએ તો ભાય, મોંઘામાં મોંઘી જોડ્ય પેરી. હેલ્ય લીધી કાખમાં. ડાઢી હુધી ઘુમટો તાણ્યો ને કાદવના કીસલાણમાં ઈ તો હફરક લફરક કરતીક હાલી ગઈ. પટેલ તો મનમાં રાજીના રેડ થઈ ગ્યા. ‘ખરી આબરુદારની દીકરી સે ! લુગડાં ધોળ્યાં બગડે; પણ ખાનદાન બાઈ, ભર્યા ડાયરે લુગડું ઉંસું નો જ લ્યે...’ પટેલે ભાય, ડાયરો વીખેરી નાખ્યો. દીકરાને બરક્યો. દીકરે વગર કીધે જ ગાડું જોડ્યું. વઉ ને પટેલ બેઠાં. જરાક આઘેરાંક ગ્યાં

ને બાપે કીધું, 'બટા, વાટ કાપો.' ને ભાય, દીકરો તો મંડ્યો અલકમલકની વાતું કરવા... બાપની આંખ્યમાં હરખનાં આંહુડાં આવી ગ્યાં. વઉના માથે હાથ મેલીને પટેલે કીધું, 'વઉ દીકરા, હવે મને ધરપત્ય થઈ. તમારા હાથમાં મારા ખોયડાની આબરુ જળવાશે. હવે હું નીરાંત્યે મરીશ... લ્યો બાપ, આ હંધીય કુંશીયું. રમો, જમો ને લીલાલેર કરો.'

## ડાય દીકરી

એક હતો ભામણ. એને એક જ દીકરો. મા વગર્યનો દીકરો રખડતો રવડતો મોટો થ્યો'તો. ભામણ બસારો દી' આખો જજમાનુંમાં ધોડ્યે રાખે ને ઠેઠ્ય રાત્ય પડ્યે ઠાક્યોપાક્યો ઘર્યે આવે. એમાં દીકરામાં અક્કલનો સાંટો જરાક ઓસો રય ગ્યો'તો. ભામણને થ્યું કે દીકરામાં તો કાંય રામ નથી; અટલે હવે વઉ અક્કલવાળી ને કોઠાડાય ગોતવી જોશે. ઈ તો ભાય, ખંભે ખડીયો નાખીને ગામેગામ મંડ્યો ભટકવા. પણ ક્યાંય આંખ ઠરે અને મન માને એવી સોકરી નો જડી. એમાં એક ગામને પાદર્ય ભામણ પોરો ખાવા બેઠો. ન્યાંકણે બાર–તેર વરહની સોકરીયું ધોલકાં કરીને ઘર–ઘર રમતી'તી. એમાંથી એક સોડીએ જોરથી બાકીની બધ્યુંને કીધું, 'એ ભાય, હું કોઈનું ઘર નથી બગાડતી, કોયે મારું ઘર નો બગાડવું.' ભામણ હાંભળીને મલકાણો. ઉભો થઈને પાંહે ગ્યો. 'એ બેનુ, દીકરીયું, મને જરાક ભામણનું ખોયડું દેખાડશો? આઘેથી હાલ્યો આવું સું ને થાક્યો સું ઠીકાઠીકનો...' ઓલી રુપકડી ને વટકબોલી સોકરી ઉભી થયને કયે, 'હાલો બાપા, મારા ઘર્યે. અમે ભામણ જ સીયે.' હવે ભાય, પેલાના જમાનામાં તો સોકરીયુંને નાનેથી પૈણાવી દેતા. અટલે સોકરીયું બાર–તેર વરહની થાય ન્યાં હંધી વાતે હુંશીયાર થય જાય.

સોકરી તો ભામણને ઘર્યે લય ગઈ ને ખાટલો ઢાળીને ફળીયામાં બેહાડ્યો. પશી ઘરમાં જઈને કળશ્યો ભરીને ટાઢું પાણી લય આવી. ભામણે, આમતેમ નજર કરતાં પુશી લીધું, 'ગગી, તારાં માવતર ક્યાં, બટા ?' સોકરી કયે, 'ઈ તો હામેના ગામે ખળાં માંગવા ગ્યાંસે.' 'ઠીક, તંયે. કંઈ પાસાં આવશે ?' સોકરી તો આભલાં હામે નજર નાખીને કયે, 'આવશે તો નય આવે ને નય આવે તો આવશે.' ભામણ વીસારમાં પડયો. માળી સોકરી સેને કાંય... મનેય ગોટે સડાવ્યો.. હવે મનમાં મુંઝાય મરવું ઈ કરતાં પુશી લેવું હારૂં. ભામણે તો પુશી લીધું, 'અટલે, બટા ?' 'ઈ તો બાપા, જો મેઘરાજો – મારો વા'લો, આવશેને તો નાળામાં પાણી આવશે, તો મારાં માવતર હામે કાંઠે રોકાય જાહે. ને નય આવે તો આવશે.' ભામણ તો ભાય, રાજીના રેડ થય ગ્યો. એણ્યે તો પોટલીમાંથી મુઠી સોખા કાઢ્યા ને સોકરીને દીધા. 'લે ગગી, આ સોખા સડવા મેલ્ય. ખાશું ન્યાં તારાં માતર આવી જાહે.' સોકરીએ તો ભાય, સોખા લીધા. ઘર્યમાં જયને જ્યાં જોયું તો ચોખા તો હતા આરસપાણાના.

સોકરી હમજી ગય. એણ્યે તો એની રમત્યના લોઢાના સણ્યામાંથી મુઠો ભર્યો. બારી નીહરીને ભામણના ખોળામાં દીધા. 'લ્યો બાપા, આટલ્યા સણ્યા સાવો ને ન્યાં સોખા સડી જાહે...' ભામણ લોઢાના સણ્યા ભાળીને હમજી ગ્યો કે ગગી સે માથાની. મારે જેવી વઉ જોતી'તી એવી જ સે આ. હવે તો રુપીયો ને નાળીયેર દઈને જ જાશ. ને એણ્યે તો ભાય, ખાટલા માથે ફાળીયું પાથરીને નીરાંતે મંડ્યું ઘોરવા.

*(જુન–2006ના 'નવનીત સમર્પણ'ના અંકના પાન 102 ઉપરથી સાભાર...)*

## વહુ, મોં વાળો

એક દા'ડો નવી પયણેલી પટલાણી રોટલા ઘડતી'તી. એની હાહુ ઈ દા'ડે વેલી ભુખી થય હશે તે થાળી લઈને ગળચવા બેહી ગ્યેલી. ખાતાં ખાતાં એના મોઢામાં મોવાળો આવ્યો. તે હાહુએ ઓસરીની પાળીએ બેઠાં બેઠાં જ રાડ્ય પાડી..'એ વઉ મોવાળો..' ને વઉ તો ભાય, રોટલા મેલ્ય પડતાં ને મોં ઢાંકતીક લાંબા રાગે મંડી રોવા. હાહુને થ્યું કે આ બાયને કાંય નો'તું ને આમ રોવા કાં બેઠી ? રહોડામાંની જાળીમાંથી કો'ક એના માવતારના કાંઈ માઠા ખબર્ય તો નંઈ દઈ ગ્યાં હોય ને ? ખબર્ય કેમની પડે ? વઉ તો એકધારી રાડ્યું નાખીને રોતી જાતી'તી. તે પશી તો ભાય, હાહુયે ખાવાનું મેલ્ય પડતું ને બેહી ગય મોં વાળીને... ઘડી બે ઘડીમાં તો આખ્ખો પાડોહ ભેળો થઈ ગ્યો. હંધય મોં વાળીને લાંબા રાગે મંડ્યા રોવા. ઘડી વાર રોયા પશી પાડોહની એક ડોહીએ ધીરે રયને પુશ્યું, 'તે હેં બાય, કોણ પાસું થ્યું ?' હાહુ ઓરા ઓઢેલા ઓઢણાને આઘેરુંક ખહેડતાં કયે કે, 'ઈ તો મને નથી ખબર્ય, વઉના કો'ક પાસા થ્યા સે...ઈ રોવા બેઠી આમાં પુશ્યાધાશ્યા વના હુંય મંડી રોવા...' અટલું હાંભળ્યું ન્યાં તો લાજ આધી કરતી વહુ તાડુકી... 'બાઈજી, મરે ને મારા દુશ્મન. મારા માવતરમાં કોઈ કાં પાસું થાય ? ઈ તો તમે કીધું કે વઉ મોં વાળો...તે મેં તો વાળ્યું.'

'અરે વાલામુઈ, અક્કલની મુઠી, મેં તો મોવાળો શાકમાં આવ્યો એવી રાડ નાખી'તી.'

આખો પાડોહ હાહુવઉની ઠેકડી ઉડાડતો ઉભો થયને વયો ગ્યો દાંત કાઢતો કાઢતો.

–ડૉ. શરીફા વીજળીવાળા

સંપર્કઃ બી–૪૦૨, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, બેજનવાળાની પાછળ, કૉઝ–વે રોડ, તાડવાડી, રાંદેર, સુરત- ૩૯૫ ００૯-ભારત મોબાઈલ નંબર –૯૮૨૪૫ ૧૯૯૭૭

ઈ–મેઈલઃ skvijaliwala@yahoo.com

આ ત્રણે વારતાઓ પછીથી **'બાની વાતું'**માં ગ્રંથસ્થ થઈ છે. **'બાની વાતું'** - સંવર્ધીત **ત્રીજી** આવૃત્તી–૨૦૦૬; **પાન** – ૭૯; **કીંમત** – રુપીયા પચાસ, **પ્રકાશક** – ઈમેજ પબ્લીકેશનઃ info@imagepublications.com

*લેખીકાનું ચીત્ર, એમનો પરીચય અને **'મારા બાપુ'** નામક એમનો એક સુંદર લેખ વાંચવા માટે* http://www.gujaratilexicon.com/admin/upload/SeM/85.pdf *પર ક્લીક કરશોજી. …**ઉત્તમ ગજ્જર***

♦●♦●♦

**'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ ચોથું – અંકઃ** 162 –March 29, 2009

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમા **અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર** uttamgajjar@hotmail.com

♦●♦●♦

## 'ભદવદ્ગોમંડળ'

*મિત્રો,*

*'ભગવદ્ગોમંડળ'* www.bhagwadgomandal.com *ના અમારા કામને આપ સૌ તરફથી જે ઉષ્માભર્યો આવકાર સાંપડ્યો છે તેથી અમે આનંદિત થયા છીએ અને અમને વધારે પ્રયત્નશીલ થવા તેણે પ્રોત્સાહિત કર્યા છે..તમે પાઠવેલાં સુચનો અને અમને મળેલી વિવિધ જાણકારીની પણ અમે સહર્ષ નોંધ લીધી છે..*

*ઘણા મિત્રોએ 'ભગવદ્ગોમંડળ'ની સીડી અંગે પૃચ્છા કરી છે. અમે તેની સીડી માટે જ હાલ પ્રવૃત્ત છીએ અને અલ્પ સમયમાં જ અમે તેની સીડી પણ તમને પાઠવી શકીશું એવી અમને શ્રદ્ધા છે..*

*ગુજરાતીલૅક્સિકોન* http://www.gujaratilexicon.com/ *ની 21,10,000થીયે વધારે મુલાકાતીઓની મુલાકાત, અમારા ઉત્સાહમાં વધારો કરે છે.*

'જય ગુજરાતી !'

♦●♦●♦

### તગતગતા તાંદુલ

વાતું એટલે વાતું જ, ન કથા, ન વાર્તા. ડાયરામાં મંડાતી વાર્તાની સજધજ અહીં નથી. અહીં વાત સીધીસટ ચાલે છે, કશી આળપંપાળમાં પડતી નથી. એમાં નરી સહજતા

અને નૈસર્ગીકતા છે–ઘરઆંગણે બેસીને ગામગપાટા ચલાવાતા હોય એના જેવી. એમાં સંક્ષીપ્તતા છે. કહેવાતાં–કહેવાતાં કાંકરા–કસ્તર નીકળી ગયાં છે. ધાન ખાંડ્યા પછી ફોતરાં નીકળી જઈ તાંદુલ – નક્કર દાણા બચ્યા છે, 'તગતગતા તાંદુલ' જેને દેખીને ઋષીજી પણ રીઝ પામે.

આ વાતુંમાં લોકજીવન અને લોકસ્વભાવના અનુભવનો નીતાર છે. આગલી પેઢીની કેટલીક સ્ત્રીઓમાં આવી વાતું કહેવાની ખાસ આવડત હતી. આવી વાતુંને 'ઓઠાં' કહે છે. ઓઠાં એટલે દૃષ્ટાંત રુપે કહેવાતી વાતો. એની પરંપરા 'પંચતંત્ર' ને 'હીતોપદેશ' જેટલી જુની છે અને મધ્યકાલીન ગુજરાતીમાં પણ એ જડે છે.

વાતુંનું આ સંપાદન ભાષાવૈજ્ઞાનીક દૃષ્ટીએ ને પદ્ધતીએ થયું નથી. એનો એ આશય પણ નથી, એનો આશય તો આપણા એક પરંપરાગત વારસાની જીવંત ઝાંખી વીશાળ જનતાને કરાવવાનો છે. એમાં આ પ્રયત્ન પુરતો કામયાબ નીવડે છે કેમ કે એમાં બોલચાલના લહેકાઓ ને મરોડો, ઉચ્ચારણ–ખાસીયતો ને કહેણીની આગવી છટા આબાદ રીતે ઝીલી શકાયાં છે. આ બધું રજુઆતદારે પોતે ઠીકઠીક આત્મસાત કરેલું છે એ એમણે (આ પુસ્તકના એમના પ્રાસ્તાવીકમાં)કરેલું એમની બાનું ચરીત્રચીત્રણ ને એમનું નીવેદન બતાવે છે.

મોંમાં મમળાવ્યા કરવાથી વધુ સ્વાદ આવે એવા આ 'તાંદુલ'નો રસ સૌ કોઈ માણશે.

– જયંત કોઠારી

૧૨ જુલાઈ, ૧૯૯૯

'બાની વાતું' પુસ્તકને મળેલી એમની પ્રસ્તાવનામાંથી... સાભાર...

♦●♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ ચોથું – અંકઃ 162 –March 29, 2009

'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમા અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

●●●